بسم اللہ الرحمن الرحیم

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.14-04-2017 સ્થળ : જર્મની**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

આજના ખુત્બા માટે પહેલા તો મેં બીજો વિષય ચુટયો હતો પરંતુ પછી કેટલાક મરહૂમોનો જનાઝો પઢાવવાનો હતો, તેમની કેટલીક વાતો સામે આવી ગઈ માટે આજે મેં વિચાર્યુ કે તેનું જ વર્ણન કરૂ. જેમાંથી એક શહીદ છે, એક સિલસિલાના મુરબ્બી છે તથા એક હઝરત મસીહ મૌઉદ અ.સ.ની પૌત્રી છે. આ લોકોની કેટલીક વિશેષતાઓ છે જે જમાઅતના પ્રત્યેક વર્ગ માટે એક સુંદર નમૂનો છે અને આ જ એવી વાતો છે જે આપણામાંથી અનેક લોકો માટે અનુસરણીય ઉદાહરણ છે,અનેક લોકો માટે તેમાં શિક્ષણ છે. આથી મેં વિચાર્યુ કે આ મરહૂમોના સંક્ષિપ્ત વર્ણનને બદલે ખોલીને તેમના વિશે બયાન કરૂ. પ્રત્યેકના જીવન ચરિત્રના જે પહલૂ મારી સામે લાવવામાં આવ્યા છે અથવા જે મારી જાણમાં હતા, તે એવા છે જે من قضٰی نحبہ નો ચરિતાર્થ આ લોકોને બનાવે છે જે પોતાના હોદ્દાઓ તથા પોતાની ધારણાઓ અને પોતાના નિશ્ચયને પુરો કરવા વાળા લોકો હતા. જેમણે દીનને દુનિયા પર પ્રાથમિકતા આપતા પોતાનું જીવન વ્યતીત કર્યુ અને આ જ અવસ્થામાં ખુદા તઆલા સમક્ષ હાજર થઈ ગયા. તેમાંથી પહેલા આપણા શહીદ ભાઈ પ્રો.ડૉ. અશફાક અહેમદ સાહેબ છે જે પાછલા જુમ્માના રોજ શહીદ થયા. પ્રો.ડૉ. રિટાયર્ડ અશફાક અહેમદ સાહેબ, શેખ સુલતાન અહેમદ સાહેબ, લાહૌરના પુત્ર હતા. તેમની આયુ ૬૮ વર્ષ હતી. પાછલા જુમ્માના રોજ તેઓ જુમ્માની નમાઝ અદા કરવા માટે પોતાની કારમાં બૈતુલ તૌહીદ જઈ રહ્યા હતા કે રસ્તામાં એક બાઈક સવાર અહેમદિયતના દુશ્મને ફાયરિંગ કરીને તેમને શહીદ કરી દીધા. ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલૈહે રાજેઊન.

શહીદ મરહૂમના પરિવારમાં અહેમદિયતની સ્થાપના, શહીદ મરહૂમના દાદા મુકરમ શેખ અબ્દુલ કાદિર સાહેબ દ્વારા હઝરત મસીહ મૌઉદ અ.સ.ના લુધિયાણા આગમનના યુગમાં થઈ. મરહૂમ અલ્લાહના ફઝલથી મૂસી હતા, ખિલાફત સાથે ખુબ પ્રેમ હતો, તહજ્જુદ પઢનાર તથા મહેમાનોનું સ્વાગત કરનાર અને સમાજ સેવક, અધિકારીઓના આજ્ઞાપાલન કરનાર, નેક અને નિષ્ઠાવાન વ્યકિત હતા. હંમેશા જમાઅતની સેવા માટે અગ્રેસર રહેતા હતા તથા અત્યંત ઉચ્ચ આચરણ વાળા હતા.

દાવત એ ઈલલ્લાહનો ખુબ શોખ હતો. ઉચ્ચ શિષ્ટાચાર તથા મેલ જોલ વાળો સ્વભાવ હોવાના કારણે પોતાના વિદ્યાર્થીઓ તથા સહકર્મી પ્રોફેસરોમાં અત્યધિક વિખ્યાત હતા. પોતાના સાથી પ્રોફેસરોને ઘરે ભોજન પર બોલાવતા હતા તથા જમાઅતનો પ્રભાવ પૂર્ણ પરિચય કરાવતા. આ કારણે અનેક વાર આપને ધમકીઓ પણ મળતી હતી પરંતુ કદાપી ચિંતા ન કરી બલ્કે કહેતા કે આ તો સામાન્ય વાત છે. બાળપણથી જ શહીદ મરહૂમને અત્યધિક જમાઅતનો સેવા ભાવ હતો તથા જમાઅતી તથા તંઝીમી સ્તર પર વિભિન્ન વિભાગોમાં કામનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. સ્થળ સબઝા ઝારમાં નિવાસ પછી ત્યાંના સદર તથા નાયબ ઝઈમ એ આલાના રૂપમાં સુંદર રૂપથી સેવાનું સામર્થ્ય મળ્યું. આ વર્ષે આપની નિયુકિત સેક્રેટ્રી દાવત એ ઈલલ્લાહ ઈમારત અલ્લામા ઈકાબલ ટાઉન લાહૌર થઈ હતી. ખુબ સારી રીતે આપે દાવતે ઈલલ્લાહનું શુભારંભ કર્યુ હતુ, પ્રોગ્રામ બનાવ્યા હતા. તેમણે હઝરત ખલીફતુલ મસીહ રાબે રહ.ના યુગમાં એક સપનું જોયું હતુ. તેમના ભાઈ કહે છે કે તે સ્વપ્નું આ રીતે હતું કે કહે છે કે મેં જોયું કે આપણા વિસ્તારની એક મસ્જીદ જો કે ગૈર જમાઅત વાળાઓની છે, ત્યાં ઘોષણા થઈ રહી છે કે હઝરત ખલીફતુલ મસીહ રાબે રહ.નું અવસાન થઈ ગયું છે અને મેં જોયું કે ઘરના લેટર બોકસમાં એક છરી પડી છે. તો આ રીતે એમટીએના માધ્યમથી જે ઘોષણા થતી રહી, આ રીતે તે સપનું પણ પુરો થયો અને છરી જે જોઈ હતી તેમણે, તે તેમની શહાદત તરફ સંકેત હતો. કહે છે કે અમારા ભાઈ અમારા પર પ્રાથમિકતા લઈ ગયા. પરિવારનું નામ રોશન કર્યુ શહાદતનું સ્તર મેળવીને, પરિવારના પ્રથમ શહીદ બનીને

અમારા માટે હંમેશા ઉદાહરણ સ્થાપી ગયા. અલ્લાહ તઆલા તેમનો દરજ્જો બુલંદ કરે. તેમના છ ભાઈ અને એક બહેન છે જે લગભગ બધા જ બહાર છે.

બીજા મરહૂમ જેમનું વર્ણન કરવું છે, તેઓ મુકરમ એચ.નાસિરૂદ્દીન સાહેબ, મુબલ્લીગ ઈન્ચાર્જ, ઈસ્ટ ગોદાવરી ભારત છે. ગોદાવરી નદીમાં ડુબી જવાના કારણે ૪૨ વર્ષની આયુંમાં અવસાન થઈ ગયું. ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલૈહે રાજેઊન. દુર્ઘટના સમયે આપ મુકરમ અમીર સાહેબ સિકન્દરાબાદ તથા જમાઅતના અન્ય લોકો સાથે બાંગલ પોડી જમાઅતમાં ફજરની નમાઝ બાદ નદી પર ગયા, સારી રીતે તરવાનું જાણતા હતા. ત્યાં કેટલાક મિત્રો સાથે તરતા ગુમ થઈ ગયા પછી માછીમારોની સહાયતાથી એક કલાકની શોધમાં નદીના કિનારે તેમનું શવ મળ્યું. મરહૂમના પિતા મુકરમ એ. શાહુલ હમીદ સાહેબ પોતાના ક્ષેત્ર કાવાશેરી કેરલાના સૌથી પહેલા અહેમદી હતા. તેમના જ દ્વારા ત્યાં જમાઅતની સ્થાપના થઈ જ્યારે કે આપની માતા મોહતરમા ચેલાકેરાના આરંભિક અહેમદીઓથી હતા. મરહૂમ ઈ.સ. ૨000માં કાદિયાનથી પરીક્ષા પુરી કરીને મુબલ્લીગ ઈન્ચાર્જ ઈસ્ટ ગોદાવરીના રૂપમાં નિયુકત હતા. તેમની પત્ની કહે છે કે કેટલાક એવા સ્થાનોએ પણ રહેવું પડયુ જ્યાં માત્ર જમાઅતના સેન્ટર સ્થાપિત હતા, ત્યાં પત્ની અને બાળકોને લઈ જઈને નમાઝ પઢાવીને દર્સ આપતા હતા અને આ ક્રમ અવસાનથી એક દિવસ પહેલા સુધી જારી રાખ્યું. મુરબ્બીઓ માટે મુબલ્લીગો માટે તેમાં શિક્ષણ છે કે જો જમાઅતો દુર દુર છે, કોઈ આવતું પણ નથી તો પણ નમાઝો જમાઅત સાથે હોવી જોઈએ ચાહે પોતાના ઘર વાળા સાથે પઢે. પછી તેમની પત્ની કહે છે કે જ્યારે આપ કામા રેડડીમાં નિયુકત હતા તો ત્યાં લીફ લેટ વેંચવાથી આપનો વિરોધ વધી ગયો, પકડી લીધા અને વિરોધીઓએ ખુબ માર્યા પરંતુ આપ કેવળ અલ્લાહના ફઝલથી બાલ બાલ બચી ગયા. ત્યાર પછી પત્ની કહે છે કે મેં તેમને કહ્યુ કે અહીયા તો ખુબ ભયાનક હાલત છે. કેરલામાં બદલી કરાવી લો કેમકે આપની સાથે દુશ્મની ખુબ વધી ગઈ છે તો કહેવા લાગ્યા કે ઠીક છે, હું દુશ્મનીનું વર્ણન કરીને કેન્દ્રને લખીશ, અને કેન્દ્ર બદલી પણ કરી દે પરંતુ અહીના સ્થાયી નિવાસી અહેમદીઓની કયાં બદલી કરીશું. તેમના માટે તો દુશ્મની તેવી જ કાયમ રહેશે તો કહે છે કે વિરોધના ડરથી ભાગવું, આ કોઈ ઉચિત વાત નથી. માટે આપણે આપણી વકફ કરવાની પ્રતિજ્ઞાને પુરી કરવી જોઈએ, આપણે વકફ કરીને આવ્યા છીએ અને જેવી પણ હાલત છે આપણે અહીયા રહેવું છે અને આપણે રહેવું જોઈએ અને કહેતા હતા કે જો શહાદતનું સૌભાગ્ય મળી ગયું તો એનાથી મોટું ઈનામ શું છે અને માટે આપણે અહીયા જ રહેવું છે.

તેવી જ રીતે સાદગી પણ એવી હતી કે પત્ની જણાવે છે કે કોઈ ફર્નિચર કદાપી ન લીધું હતું ઘરમાં કોઈ વ્યકિતગત ફર્નિચર ન હતું અને હંમેશા કહેતા હતા કે આપણે વકફે જીંદગી છીએ, જમાઅત જ્યા કહે છે આપણે જવું છે માટે કદાચ કોઈ ફર્નિચર અને ઘરનો સામાન જે છે આપણી તરત બદલીમાં રૂકાવટ ન બની જાય. જે સુવિધા જમાઅતે આપી છે તેમાં જ આપણું જીવન ગુજારવું છે અને તેના પર જ આશ્રય કરવું જોઈએ. આ પણ એક ઉદાહરણ છે એક વાકફે જીંદગી માટે.

ગતવર્ષ અમલા પુરમમાં બદલી થઈ હતી, ત્યાં બાળકોને કુરઆન કરીમ પઢાવવાના એટલા પાબંદ હતા કે એક કિ.મી. ચાલતા રોજ અથવા સાઈકલથી જઈને લોકોને પઢાવીને આવતા હતા કુરઆન શરીફ. આ પણ એક ઉદાહરણ છે મુબલ્લીગ અને મુરબ્બીઓ માટે.

પછી તેમની પત્નીએ જણાવ્યું કે મહેમાન નવાઝીની ખુબ વિશેષતા હતી તેમનામાં. કહે છે જો હું બાળકોની રજાઓમાં કેરલા આવવાના કારણે ઘરમાં ન હોતી અને મહેમાન આવી જતા તો કદાપી તેમણે પરેશાની ન જણાવી. હંમેશા સ્વયં ભોજન તૈયાર કરીને મહેમાનોને ભોજન કરાવતા હતા. શહાદતની પણ તેમનામાં ખુબ અભિલાષા હતી, પહેલા વર્ણન થયું. તેમણે કહ્યું કે મેં વારંવાર હઝરત મુસ્લેહ મૌઉદ રઝી. તથા પોતાના પિતા મરહૂમને સપનામાં જોયા છે કે મારા પિતા મને ઈશારો કરે છે અને મને બોલાવી રહ્યા છે. તો એક રંગમાં તેમની શહાદત આ પ્રકાર પણ થઈ ગઈ. દીનની ખિદમત માટે ગયા હતા અને ત્યાં જ આ દીની યાત્રાના સમયે જ તેમનું અવસાન થઈ ગયું. આ પણ એક પ્રકારની શહાદત છે. ખુબ દુઆઓ કરનાર, તહજ્જૂદ પઢનાર, મિલનસાર તથા તબલીગના મેંદાનમાં એક નિડર

મુજાહીદ હતા. અનેક વાર વિરોધીઓએ તેમને કેંદ કરી રાખ્યા અને મારા મારી કરી. હુઝુર અનવરે ફરમાવ્યું કે તેનું વર્ણન હું એક વાર પોતાના ખુત્બામાં કરી ચુકયો છું જે ઘટનાઓ જલસાના ભાષણોમાં સંભળાવું છું તેમાં પણ તેમની ઘટના બયાન કરી હતી, જે ભયાનક રીતે મોલ્વીઓએ તેમને માર્યા હતા.

તેમની માતા વૃદ્ધાવસ્થામાં છે, અન્ય પરિવારમાં પત્ની અને બે છોકરા છે. બે મોટા ભાઈ છે એક સુલેમાન સાહેબ અમીર એ જીલ્લા પાલઘાટ કેરલા અને એચ. શમસુદ્દીન સાહેબ નઝારત નશ્રો ઈશાઅત કાદિયાનના મલિયાલમ સેકશનમાં અત્રે સેવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરી રહ્યા છે.

તેમની સાથે સેવાની તૌફીક મેળવનાર મુબલ્લીગ નવીદુલ ફતહ સાહેબ કહે છે કે મોલાના એચ. નાસિરૂદ્દીન સાહેબ સિલસિલાની પ્રગતિ માટે પ્રત્યેક કાર્ય કરવા માટે તત્પર રહેતા હતા. ખુબ પ્રેમ કરનાર વજૂદ હતા. આલિમ બા અમલ હતા પ્રતિ દિન તહજ્જુદ પઢતા, પ્રતિદિન યથાવત શિક્ષણ અને પ્રશિક્ષણનો પ્રબંધ કરતા. દફતરના કામ માટે અનિવાર્ય રૂપથી પ્રતિદિન એક વિશેષ સમય નિશ્ચિત કરેલ હતો. નાના મોટાનું સંમાન કરવું તથા સુંદર વ્યવહાર કરવું તેમનું એક વિશેષ ગુણ હતું પ્રતિદિન યથાવત રૂપથી બહાર નિકળતા હતા કોઈ ભય ન હતો, વિરોધી છે તો શું કરશે તથા આ જ કારણે ગૈર અહેમદીઓમાં પણ સંપર્ક ખુબ વિસ્તૃત હતો કેમકે તેમની સાથે પણ સુંદર શિષ્ટાચારથી મળતા હતા, ખુબ સુંદર આચરણ વાળા હતા. કહે છે કે મેં કયારેય તેમના ચહેરા પર સલવટ નથી જોઈ, કયારેય ક્રોધમાં નથી જોયા. પોતાના સાથી મુઅલ્લીમોથી પણ ખુબ સુંદર વ્યવહાર કરતા, હંમેશા તેમનો ખ્યાલ રાખતા તથા પ્રત્યેકથી એવો પ્રેમ હતો કે દરેક જે તેમનાથી મળતા હતા તે તેમનો પ્રેમી થઈ જતો હતો. હઝરત મસીહ મૌઉદ અ.સ.ની પુસ્તકોનું ખુબ લગનથી અધ્યયન કરતા, યથાવત અધ્યયન હતું તેમનું તથા ખુબ સુનિયોજીત હતું, તેના માટે સમય નકકી કરેલ હતો તેમણે વિશેષ રૂપથી અને આ પણ પ્રત્યેક મુબલ્લીગ અને મુરબ્બી માટે એક જરૂરી શિક્ષા છે. કુરઆન કરીમની તિલાવતથી કયારેય ગાફીલ રહેતા. ડાયરી હંમેશા લખતા હતા તથા હંમેશા આ આદત રહી છે કે ખિલાફત તરફથી જે વાત કહેવામાં આવે તેને ધ્યાનથી સાંભળવું છે. હંમેશા ખુત્બા વિવેક પૂર્ણ થઈને સાંભળતા અને પછી ન કેવળ સાંભળતા બલ્કે આ પ્રયાસ કરતા કે પૂર્ણ રૂપથી આજ્ઞાપાલન કરવુ છે કોઈ બહાનું નથી બનાવવું બલ્કે એક એક શબ્દ અનુસાર કામ કરવાનો પ્રયાસ કરતા હતા અને આ પણ એક ખુબ મહત્વ પૂર્ણ વાત છે વાકફેન એ જીંદગી માટે. ખિલાફતથી ખુબ પ્રેમ કરનાર હતા આંહઝરત સ.અ.વ. અને હઝરત મસીહ મૌઉદ અ.સ.થી પ્રેમ ખુબ હતો અને કહે છે કે આ એવી વિશેષતા હતી જે તેમના અસ્તિત્વમાં વિશેષ રૂપથી દેખાતી હતી. એક મુઅલ્લીમ સાહેબ છે કહે છે કે મેં તેમને હંમેશા તહજ્જુદ પઢનાર અને નમાઝોને શોખથી પઢનાર, દરરોજ તિલાવત કરનાર, ખુબ પ્રસન્ન ચિત તથા બાઅમલ જોયા. ખિલાફતથી વિશેષ પ્રેમ હતો. જમાઅત સાથે નમાઝ પઢવાનું વિશેષ રૂપથી ધ્યાન રાખતા, સારા મહેમાન નવાઝ, સાદગી પસંદ, વ્યર્થ ખર્ચથી બચનાર. પછી તેઓ લખે છે કે મોલ્વી સાહેબને અધ્યયનનો ખુબ શોખ હતો. કોઈ સવાલ પૂછવામાં આવતો તો ખુબ સારી રીતે જવાબ આપતા હતા. ખાસ કરીને યાત્રા સમયે ખુદ્દામ સાથે બેસતા ત્યારે જમાઅત વિશે વર્ણન તથા ઈમાન વર્ધક ઘટનાઓનું વર્ણન કરતા રહેતા હતા. પ્રત્યેક સાથે શિષ્ટાચારથી મળતા હતા જેના કારણે બધા તેમની સાથે રહેવાનું પસંદ કરતા હતા.

અલ્લાહ તઆલા તેમનો દરજ્જો બુલંદ કરે તથા તેમના બાળકોને પણ સંતોષ અને સાહસ પ્રદાન કરે.

પછી મોહતરમા સાહેબઝાદી અમતુલ વહીદ સાહેબા છે જે સાહેબઝાદા મિરઝા ખુરશીદ અહેમદ સાહેબની પત્ની હતા. ૧૦ એપ્રિલ ૨૦૧૭ ના રોજ રાત્રે ૧૦ વાગ્યે લગભગ ૮૨ વર્ષની આયુમાં તેમનું અવસાન થયું છે. ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલૈહે રાજેઊન. તેઓ હઝરત મિરઝા શરીફ અહેમદ સાહેબની નાની પુત્રી હતા અને મારી ફોઈ પણ હતી.હઝરત મસીહ મૌઉદ અ.સ.ની પૌત્રી અને હઝરત નવાબ મુહમ્મદ અલી ખાન સાહેબની નવાસી હતી. તદફીન આપની બહિશ્તી મકબરા રબ્વાહમાં થઈ છે. તેમનો નિકાહ ૨૬ ડિસેમ્બર ૧૯૫૫માં હઝરત ખલીફતુલ મસીહ સાની રઝીએ પઢાવ્યો હતો. અલ્લાહ તઆલાએ આપને છ પુત્ર અતા ફરમાવ્યા જેમાંથી ચાર છોકરા વાકફે જીંદગી છે. બે ડૉકટર છે, ફઝલે ઉમર દવાખાનામાં કામ કરી રહ્યા છે. એક પી.એચ.ડી ડૉકટર નઝારત તાલીમમાં છે અને એક વકીલ

છે સદર અંજુમન અહેમદિયામાં મુશીરે કાનૂનીના દફતરમાં. તેમની લજનાનાી સેવાઓની અવધિ પણ લગભગ ૨૯ વર્ષો માં ફેલાયેલ છે. સેક્રેટરી સનઅત વ તિજારત તથા નાયબ સદર અવ્વલ રહી. પોતાના ઉપરના અધિકારીનું પાજ્ઞાપાલન ખુબ હતુ. મારી પત્નીએ મને જણાવ્યું કે બે વર્ષ સુધી તેઓ સદર લજના રબ્વાહ પણ રહી છે તો આ સેક્રેટરી સનઅત વ તિજારત તથા નાયબ સદરના રૂપમાં તેની સાથે કામ કરતી રહી તથા હંમેશા પ્રસન્ન ચિત અને ખુબ વિનમ્રતા પૂર્વક તથા આજ્ઞાપાલન સાથે કામ કર્યુ અને જે કઈ કામ તેમને સોપવામાં આવતું તેને ખુબ લગન સાથે કર્યુ. તેમના પતિ મુકરમ મિરઝા ખુરશીદ અહેમદ સાહેબ કહે છે કે એક વાકફે જીંદગીની પત્ની હોવાનો હક અદા કર્યો. મારાથી કયારેય કશું ન માગ્યું, બાળકોની તરબિયતનો ખ્યાલ રાખ્યો તથા આ જ પ્રશિક્ષણનો પરિણામ છે કે અલ્લાહ તઆલાના ફઝલથી છ બાળકોમાંથી ચાર વાકફે જીંદગી છે અને પછી પોતાના બાળકોની સાથે સાથે ઘરમાં મોજૂદ સેવકોના બાળકોને પણ ખુબ સુંદર વ્યવહાર સાથે રાખ્યા જો કોઈ કુરઆન શરીફ ન પઢયો હોય તો તેને કુરઆન શરીફ પઢાવતા.

તેમની એક નણંદ જે મારી ભાભી છે, તે લખે છે કે અમારો તેમની સાથે સંબંધ બિલકુલ એવો જ હતો જેવું એક માતાનો પોતાની પુત્રીઓ સાથે હોય છે. માતાના અવસાન પછી અમારો ખુબ ખ્યાલ રાખ્યો પોતાના ઘરમાં અમારું પાલન પોષણ કર્યુ તથા દીની વ દુન્યવી શિક્ષણનું ધ્યાન રાખ્યું. તેમની એક નાની નણંદ લખે છે કે મેં એક વાર તેમને પૂછયુ કે કેટલી આયુથી આપે તહજ્જુદ પઢવાનું શરૂ કર્યુ હતું. તેમણે જણાવ્યું કે બાર વર્ષની આયુંથી યથાવત રૂપથી તહજ્જુદ પઢી રહી છું. છ વહુઓ હતી, અલ્લાહ તઆલાના ફઝલથી પ્રત્યેક સાથે તેમનો સુંદર વ્યવહાર હતો તથા પ્રત્યેકને બેટીની જેમ રાખી હતી.

મારી નાની બહેન અમતુલ કુદ્દુસ સાહેબા લખે છે કે ઈન્સાનના કર્મોમાં ન્યૂનાધિકતા તો હોતી રહે છે તો પણ તેમની ઘુટ્ટીમાં આ વાત સામેલ હતી કે કુરઆન વ હદીસ સાથે ઘનિષ્ટ સંબંધ હતો. નેકી તો જેવું કે તેમની પ્રકૃતિનો અંગ હતી. જ્યારે જુએ કે આપણી પ્રથા તથા શિક્ષણ વિરૂધ્ધ વાત થઈ છે તો ખુલ્લો વિરોધમાં બોલતી હતી. તેમના પુત્રએ લખ્યું કે ખિલાફત પહેલા તો જે આપની સાથે સંબંધ હતો, તે બીજો હતો તે પછી કહેવા લાગી કે ભત્રીજાનો સંબંધ સમાપ્ત થઈ ગયો, હવે માત્ર ખિલાફતનો સંબંધ શેષ રહી ગયો છે. પછી તે છોકરો લખે છે કે જ્યારે ખલીફતુલ મસીહ રાબે રહ.ના અવસાનની સૂચના મળી તો અમે બધા નમાઝ પઢવા માટે મસ્જીદ ગયા હતા અને અમારી માતા પણ ખુબ શોકમાં હતી તો તે સમયે મારી મોટી ભાભીએ ઊંચા અવાજે રડવાનું શરૂ કરી દીધું તો માતાએ કહ્યું કે ચુપ થઈ જાવ, અત્રે જમાઅત પર પરીક્ષાની ઘડી છે તથા આ દુઆઓનો સમય છે માટે દુઆઓ કરો.

રઝાઈ સંબંધ (જે બાળકોએ એક જ માતાનું દુધ પીધો હોય) નો ખુબ ખ્યાલ રાખનાર હતી, તો તેમનામાં આ બધા ગુણો હતા. અલ્લાહ તઆલા તેમના બાળકોમાં પણ આ વિશેષતાઓ જારી રાખે તથા ખિલાફત સાથે નિષ્ઠાનો સંબંધ તેમનામાં હોય અને અલ્લાહ તઆલા તેમનો દરજ્જો બુલંદ કરે. આમીન

હુઝુર અનવરે ફરમાવ્યું કે નમાઝો પછી હું આ મરહૂમોના જનાઝા ગાયબ પઢાવીશ.

| Khulasa Khutba Jumma Huzoor Anwar 14 April 2017 |
| --- |
| BOOK POST (Printed Matter)<br><br>To.................................................................................................<br>.................................................................................................<br>.................................................................................................<br><br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |